બિસ્માર માર્ગ મુદ્દે રસ્તા રોકો આંદોલન

નાનાપોંઢા-કરાયાનો બિસ્માર માર્ગ, કોલક-કરાયા ખાડીનો બંધ બ્રિજના મુદ્દે રસ્તા રોકો આંદોલન

કલેક્ટરને આવેદનપત્ર અપાયું હોવા છતાં હાઈવે ઓથોરિટી દ્વારા માર્ગોના ખાડાઓ હજુ પણ પુરાયા નથી

વલસાડ : નાનાપોંઢા -વાપી માર્ગ ઉપર નાનાપોંઢાથી કરાયા સુધીનો અતિ બિસ્માર માર્ગને લઈ વધતા અકસ્માતો અને આંતરિક માર્ગોને થતા નુકસાન મુદ્દે મોટાપોંઢાના સરપંચની આગેવાનીમાં ગ્રામજનોએ મંગળવારે સવારે મોટાપોંઢા ખાતે રસ્તા રોકો આંદોલન કર્યું હતું. જોકે હાઈવે ઓથોરિટી અને એજન્સી દ્વારા જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં માર્ગ બનવા સાથે અન્ય માંગણીઓ સંદર્ભે ઘટતું કરવાનું આશ્વાસન આપતા આગેવાનોએ આંદોલન સમેટ્યું હતું. આંદોલનને લઈ મોટી સંખ્યામાં પોલીસ કાફલો તૈનાત કરી દેવાયો હતો. નોંધનીય છે કે, મોટાપોંઢાના સરપંચ રણજીત પટેલે આગેવાનો સાથે વલસાડ કલેક્ટરને 2 ડિસેમ્બરે આવેદનપત્ર પાઠવી જો, 7 દિવસમાં સમસ્યાનુ નિવારણ ન આવશે તો ગાંધી ચિંધ્યા માર્ગે રસ્તા રોકો આંદોલનની ચીમકી આપી હતી. જોકે રજૂઆત સંદર્ભે કોઈ નિરાકરણ ન આવતા આખરે સરપંચ સહિત આગેવાનોએ મંગળવારે રસ્તા રોકો આંદોલન કર્યું હતું.

તો 11 જાન્યુઆરીએ ફરી રસ્તા રોકો આંદોલન

મોટાપોંઢાના સરપંચ રણજીત પટેલે જણાવ્યું કે, અકસ્માત સમયે કે ગંભીર દર્દીઓને નાનાપોંઢા કે વાપી હોસ્પિટલ તાત્કાલિક પહોચવાની જરૂર સમયે બિસ્માર માર્ગને લઈ વાહન ધીમી ગતિએ ચાલતા હોય સારવારમાં વિલંબ થતા દર્દીના મોત થવાના કે ઈમરજન્સીમાં દવાખાનામાં સારવાર લેવામાં મુશ્કેલી ઉભી થાય છે. આ માર્ગનો ઉપયોગ વાપી, સંઘપ્રદેશ દાદરા નગર હવેલી કે દમણની ઔદ્યોગિક વસાહતોમાં જતા કામદારોને સમયસર પહોંચવામાં ઉબડ ખાબડ રોડ સમસ્યા ઉભી કરે છે. સરપંચે ઉમેર્યું કે જો, આગામી 10 જાન્યુઆરીની મુદ્દત સુધી માર્ગ ન બનશે, તો 11 જાન્યુઆરીએ ફરી રસ્તા રોકો આંદોલન કરાશે.

નવસારીમાં દુર્લભ ઘુવડ દુકાનમાં ઘુસી આવ્યું

નવસારી: નવસારીના દુધિયા તળાવ નજીક આશાબાગ વિસ્તારની ભાગ્યશ્રી ડીપાર્ટમેન્ટલ દુકાનમાં દિવસ દરમિયાન દુર્લભ ઘુવડ અચાનક ઘૂસી આવ્યું હતું, જેના કારણે થોડા સમય માટે અફરાતફરી મચી હતી. ઘટનાની જાણ થતા પર્યાવરણ પ્રેમી હરીશ માલીએ તાત્કાલિક સ્થળ પર પહોંચી શાંતિપૂર્વક ઘુવડને સુરક્ષિત રીતે પકડી લીધું હતું. રેસ્ક્યૂ દરમિયાન કોઈ ઇજા ન થતાં વન વિભાગને જાણ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

નવસારીમાં ધકેલ પંચા દોઢસો, JCBમાં શ્રમિકોનું પરિવહન

નવસારી: નવસારી શહેરમાં શ્રમિકોના જોખમી પરિવહનનો એક વિડીયો સામે આવ્યો છે. મળતી માહિતી મુજબ JCB મશીનમાં મોટી સંખ્યામાં શ્રમિકોને બેસાડી પરિવહન કરવામાં આવતું હોવાનું વીડિયોમાં જોવા મળે છે. આ ઘટના રામબેન હોસ્પિટલથી સ્ટેશન તરફ જતા માર્ગ પર બની હોવાનું જાણવા મળ્યું છે.

વાયરલ થયેલા વીડિયોમાં શ્રમિકો JCBના આગળના બકેટ સહિત મશીનના અન્ય ભાગો પર બેઠા હોવાનું સ્પષ્ટ દેખાય છે.

નિયમો અનુસાર JCB જેવી ભારે બાંધકામના મશીનોનો ઉપયોગ માત્ર માટી, કાટમાળ કે બાંધકામ સામગ્રી ખસેડવા માટે થાય છે, માનવ પરિવહન માટે તેના ઉપયોગને મંજૂરી નથી. આ પ્રકારનું પરિવહન સલામતીના દૃષ્ટિકોણથી જોખમી ગણાય છે. એક જાગૃત નાગરિકે આ વિડીયો ઉતારી સોશિયલ મીડિયામાં મૂકતા આ મામલો પ્રકાશમાં આવ્યો છે. વીડિયો વાયરલ થયા બાદ તંત્રનું ધ્યાન દોરાયું છે.

NMCના અધિકારીઓના વચનો અને દાવાઓ હવામાં ઉડી ગયા

ડમ્પયાર્ડમાં ફેંકી દેવાયેલી મૃત ગૌમાતા કચરાની જેમ પડી રહી

24 કલાકથી વધુ સમય સુધી મૃત ગૌમાતા કચરાની જેમ પડી રહી

અધિકારીઓને "તાત્કાલિક JCB લઈ જઈ અંતિમવિધિ પૂર્ણ કરો" તેવી સૂચના આપવી પડી

નવસારી : નવસારી મહાનગરપાલિકાની ઘોર બેદરકારી અને અમાનવીય વલણ ફરી એકવાર જનતા સામે નંગું થયું છે. NMCના ડમ્પયાર્ડ ખાતે મૃત હાલતમાં ફેંકી દેવાયેલી ગૌમાતાની 24 કલાકથી વધુ સમય સુધી અંતિમવિધિ ન કરવી એ માત્ર બેદરકારી નહીં પરંતુ ઘોર અપરાધ સમાન કૃત્ય છે. આજે સવારે તપાસ કરવામાં આવતા ચોંકાવનારો ખુલાસો થયો કે ગૌમાતાનો મૃતદેહ હજુ પણ ખાડો ખોદ્યા વિના, વિધિ વિના એમનો એમ પડ્યો હતો.

NMCના અધિકારીઓના વચનો અને દાવાઓ હવામાં ઉડી ગયા હોય તેમ ગૌમાતાને કચરાની જેમ ફેંકી દેવાઈ હોવાનો આક્ષેપ ગૌરક્ષકો દ્વારા કરવામાં આવ્યો છે. આ ગંભીર મામલે જ્યારે ડેપ્યુટી કમિશનર વાસાણી સમક્ષ કડક રીતે ફરિયાદ કરવામાં આવી ત્યારે જ તંત્ર હરકતમાં આવ્યું. ભારે દબાણ બાદ તેમણે સંબંધિત અધિકારીઓને ફોન કરી "તાત્કાલિક JCB લઈ જઈ અંતિમવિધિ પૂર્ણ કરો" તેવી સૂચના આપવી પડી, જેનાથી સ્પષ્ટ થાય છે કે સ્વયંસ્ફૂર્ત જવાબદારી લેવાની NMCમાં કોઈ તૈયારી જ નહોતી.

રાકેશ શર્મા, સાજન ભરવાડ, મોહિત હિરાણી સહિતના ગૌરક્ષકો NMCના સ્ટાફ સાથે રૂબરૂ ડમ્પયાર્ડ પહોંચ્યા બાદ જ ખાડો ખોદી અંતિમવિધિ કરવામાં આવી હતી. ગૌરક્ષકોની હાજરી અને દબાણ ન હોત તો ગૌમાતા કદાચ હજી પણ અપમાનજનક હાલતમાં પડી રહેત. આ હકીકત NMC માટે શરમજનક છે.

ગૌરક્ષકો દ્વારા હવે NMCને ખુલ્લી ચીમકી આપવામાં આવી છે કે જો ભવિષ્યમાં કોઈપણ મૃત ગૌમાતાને અંતિમવિધિ વિના ડમ્પયાર્ડ કે અન્યત્ર ફેંકવામાં આવશે તો માત્ર વિરોધ નહીં, પરંતુ સંબંધિત અધિકારીઓ સામે સીધી ફોજદારી ફરિયાદ અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ બનાવે સાબિત કર્યું છે કે NMCમાં સંવેદના નહીં પરંતુ બેદરકારી રાજ કરી રહી છે.

ડમ્પ યાર્ડમાં આઠ ગૌમાતાઓની અંતિમવિધિ, ગૌરક્ષકો દ્વારા ધાર્મિક રીતે સંસ્કાર

રાકેશ શર્માએ આપેલી માહિતી મુજબ ડમ્પ યાર્ડમાં મળેલા કુલ આઠ ગૌમાતાઓના મૃતદેહોની ગૌરક્ષકો દ્વારા ધાર્મિક વિધિ અનુસાર અંતિમવિધિ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં ગૌરક્ષકો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને ગૌમાતાઓને યોગ્ય રીતે સંસ્કાર આપવામાં આવ્યા હતા. આ ઘટનાને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો છે.

વલસાડ મોગરાવાડીમાં પાલિકાના વાંકે લાખો લિટર પાણી ગટરમાં

ડ્રેનેજ લાઈનની કામગીરી દરમિયાન જેસીબીથી પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાયું

પાલિકાના અધિકારી સમયસર નહીં પહોંચતાં અછત વચ્ચે પાણીનો બેફામ બગાડ

વલસાડ: વલસાડમાં વિકાસ કામો દરમિયાન પાલિકા તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. મોગરવાડી વિસ્તારમાં જેસીબીની ટક્કરે પીવાના પાણીની લાઈન તૂટી જતાં લાખો લીટર પાણી વેડફાઈ ગયું છે. ગંભીર બાબત એ છે કે ઘટનાની જાણ હોવા છતાં લાંબા સમય સુધી પાલિકાના અધિકારીઓ સ્થળ પર ડોકાયા સુદ્ધાં ન હતા.

વલસાડનો મોગરાવાડી વિસ્તાર વારંવાર વિવાદમાં આવી રહ્યો છે. પહેલા રસ્તાને લઈને, પછી બે વખત રોડનું અલગ અલગ ખાતમુહૂર્ત થયું હતું, જ્યારે મંગળવારે મોગરવાડીમાં અક્ષરધામ સોસાયટી પાસે જ્યાં ડ્રેનેજ લાઈનની કામગીરી દરમિયાન જેસીબી ચાલકની અણ આવડતે પીવાના પાણીની મુખ્ય લાઈનમાં મોટું ભંગાણ સર્જ્યું છે. લાઈન તૂટતાની સાથે જ પાણીનો પ્રવાહ રસ્તા પર વહેવા લાગ્યો હતો.

તંત્રની નિષ્કાળજી તો જુઓ, ઘટનાને અડધો કલાકથી વધુ સમય વીતી ગયો હોવા છતાં, નગરપાલિકાનો એક પણ જવાબદાર અધિકારી સ્થળ પર પહોંચ્યો સુદ્ધાં ન હતો. એક તરફ પાણીની અછત વર્તાય છે અને બીજી તરફ અધિકારીઓની ગેરહાજરી વચ્ચે અહીં લાખો લીટર શુદ્ધ પાણી ગટરમાં વહી ગયું હતું. જેને લઈને આ વિસ્તારમાં રહેતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

RTO ચલણની APK ફાઈલ ખોલી તો 99,500 ઉપડી ગયા

જલાલપોરના યુવક સાથે સાયબર ફ્રોડ કરનારા એકની ઓળખ, બે સામે ગુનો નોંધાયો

નવસારી: જલાલપોર પોલીસ સ્ટેશનમાં સાયબર ઠગાઈનો ગંભીર ગુનો નોંધાયો છે. APK ફાઈલ મોકલી 99,500 ગબન કરનારા બે આરોપી પૈકી એકની પોલીસે ઓળખ કરી લીધી છે.

એરુ ગામના કુંભારવાડમાં રહેતા અને કોમ્પ્યુટર રીપેરીંગનું કામ કરતા સુનીલકુમાર કેતનભાઈ લાડ (ઉ.વ. 37)એ ફરિયાદમાં જણાવ્યું છે કે 31-10-2025ના રોજ સવારે તેમના મોબાઈલ પર "RTO Challan APK" નામની શંકાસ્પદ ફાઈલ આવી હતી. ફાઈલ ઓપન કરતાં જ રૂ. 99,500/-ની રકમ ટ્રાન્સફર થઈ ગઈ હતી.

આ કેસમાં આરોપી તરીકે (1) લક્ષ્મણકુમાર સુખદેવ ચૌપાલ (રહે. પ્રીતિ ભવન, સંગઠન ચોક, વેસ્ટ બુવા પાડા પાસે, ગંગા વોટર એંગલ, અંબરનાથ, મહારાષ્ટ્ર ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેંક ખાતા નં. 1646018446615922નો ધારક) તથા (2) એક અજાણ્યા મોબાઈલ નંબરધારક સામે ગુનો નોંધાયો છે.

મામલાની વધુ તપાસ જલાલપોર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.ડી. લાડુમોર કરી રહ્યા છે. પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે અજાણ્યા APK, લિંક અથવા મેસેજથી સાવચેત રહે અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિની તાત્કાલિક જાણ કરે.

મોટાવાઘછીયાના પ્રોફેસર ધર્મિન પટેલ પીએચ.ડી. થયા

સુરત : વલસાડ જિલ્લાના મોટાવાઘછીયા ગામના વતની અને બારડોલીની તાજપોર એન્જિનિયરિંગ કોલેજમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ધર્મિન મહેશકુમાર પટેલએ પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી છે. તેમણે 'parametric Investigation on forming of magnesium alloy using single point incremental forming' વિષય પર ડો. અનિષકુમાર ગાંધીના માર્ગદર્શન હેઠળ સંશોધન નિબંધ તૈયાર કર્યો છે. જેને ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી દ્વારા માન્ય રાખી પીએચ.ડી. ડિગ્રી એનાયત કરી છે.

સંક્ષિપ્ત સમાચાર

નવસારી જિલ્લાના મુસ્લિમ વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાનું આયોજન

સુરત : નવસારી મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફર સોસાયટી નવસારી દ્વારા નવસારી જિલ્લાની વિવિધ શાળાઓ અને કોલેજોમાં અભ્યાસ કરતા મુસ્લિમ વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધા, તેમજ પ્રાઈમરી વિભાગના વિદ્યાર્થીઓ માટે સુલેખન અને સુવાંચન સ્પર્ધાનું આયોજન બનાતવાલા હાઈ સ્કૂલના સહકારથી કરવામાં આવ્યું હતું. નવસારી જિલ્લાના 240 વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્પર્ધાનું સુંદર આયોજન પ્રમુખ વાજિદ હુસૈન દરગાહવાલા, અને એમની ટીમના સભ્યો તેમજ બનાતવાલા હાઈસ્કૂલના આચાર્ય સજ્જાદ શેખ અને એમના શિક્ષકો દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

વલસાડની કુસુમ વિદ્યાલયનો વાર્ષિક રમતોત્સવ યોજાયો

વલસાડ : વલસાડના તિથલ રોડ સ્થિત કુસુમ વિદ્યાલયમાં કે.જી.થી ધો.૧૦ના વિદ્યાર્થીઓ માટે વાર્ષિક રમત-ગમત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં શાળાના દરેક વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત માસ પી.ટી.થી કરવામાં આવી હતી. શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા જીવનમાં રમત-ગમતના મહત્ત્વ અંગે જાણકારી પૂરી પાડવામાં આવી હતી. શાળાના સંચાલિકા અર્ચનાબેને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી ખેલદિલીની ભાવના રાખી હાર-જીત બંને વિદ્યાર્થીઓએ શીખવું જોઈએ અને સ્વયં શિસ્ત જાળવતા પણ શીખવું જોઈએ એમ જણાવ્યું હતું. ત્યારબાદ રમત-ગમતની હરિફાઈઓ યોજાઈ હતી. શાળાનું પ્રાંગણ સમગ્ર દિવસ દરમિયાન ખેલાડીઓના ઉત્સાહથી આનંદસભર બની ગયું હતું. શ્રી સમર્પણ ચેરીટીઝના પ્રમુખ બંકિમભાઈ, મેનેજીંગ ટ્રસ્ટી અર્ચનાબહેન અને ટ્રસ્ટી મૈત્રીબહેનએ હાજરી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. સમગ્ર કાર્યક્રમ વિવેકભાઈના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો.

ભાજપના નેતા અને અધિકારીઓને સદબુદ્ધિ માટે કોંગ્રેસે શાંતિયજ્ઞ કર્યો

વલસાડમાં વશિયરનો વિવાદી બ્રિજ અને ઔરંગા નદીના બ્રિજની દુર્ઘટના બાદ યુથ કોંગ્રેસનો અનોખો વિરોધ

વલસાડ: વલસાડના વશિયર વિસ્તારમાં જરૂર ન હોય એવા સ્થળે અને જ્યાં રસ્તો જ ન હોય એવા સ્થળે વલસાડ જિલ્લા પંચાયતે પુલ પાસ કરાવી દીધો હતો. આ પુલ માત્ર ભાજપના એક નેતાના લાભાર્થે બનાવાયો છે. પુલની એક તરફ માર્ગ છે, પરંતુ બીજી તરફ માર્ગ જ નથી. બીજી તરફ ભાજપના નેતાની વાડી છે. આ પુલ બનાવી સરકારી અધિકારીઓ પ્રજાના પૈસાનો દુર્વ્યય કરી રહ્યા છે. જે અંગે યુથ કોંગ્રેસના નેતા મિત દેસાઈએ આવેદનપત્ર કલેક્ટરને સુપ્રત કર્યું હતું. ત્યારબાદ તેમના દ્વારા સોશ્યલ મીડિયામાં પણ તેનો ભારે વિરોધ થયો હતો.

ઉપરાંત ઔરંગા નદી પર બનેલા બ્રિજનું સ્ટ્રક્ચર તૂટી પડતા વિવાદ ઉઠ્યો હતો. આ દુર્ઘટના બાદ અધિકારીઓ અને રાજકારણીઓ સામે ભારે આક્રોશ જોવા મળ્યો હતો. વર્ષોથી સુષુપ્ત અવસ્થામાં રહેલી કોંગ્રેસ થોડી સળવળી હતી. જેમાં યુથ કોંગ્રેસ દ્વારા શાંતિ યજ્ઞનું આયોજન કરાયું હતુ. આ યજ્ઞ તેમણે ભાજપના સ્થાનિક નેતાઓને અને અધિકારીઓને સદબુદ્ધિ મળે તેમજ તેમના દ્વારા પ્રજાના પૈસાનો વ્યય ન થાય એ માટે કર્યો હતો, જેની વ્યાપક ચર્ચા રાજકીય આલમમાં ચાલી રહી છે. આ યજ્ઞમાં મિત દેસાઈ યજમાન બન્યા હતા. જેમાં કોંગ્રેસી અગ્રણી ધર્મેશભાઈ (ભોલા) પટેલ, ગિરીશ દેસાઈ, કે.ડી.ભંડારી સહિત અનેક કોંગ્રેસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નાતાલના કાર્યક્રમની મંજૂરી બિનખ્રિસ્તી સંસ્થા કે વ્યક્તિને નહીં આપવા માંગ

ધરમપુરના ત્રણ ગામ સહિત અત્યાર સુધી 11થી વધુ ગામોમાંથી તંત્રને ગંભીર રજૂઆત

ધરમપુર: કપરાડા અને ધરમપુર તાલુકામાં નાતાલ (ક્રિસમસ)ના કાર્યક્રમોને લઈને ધરમપુર તાલુકાના વધુ ત્રણ ગામમાંથી મામલતદાર કચેરીમાં આવેદનપત્ર આપવામાં આવ્યું છે. મંગળવારે પીપલપાડ, કોસીનપાડા અને સાદરવેડા ગામના આદિવાસી પ્રતિનિધિઓ દ્વારા નાતાલની ઉજવણી માટે આપવામાં આવતી પરવાનગી અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

આ પહેલાં કપરાડા તાલુકાના ઘોટણ, આસલોણા, પાંચવેરા, બરપુડા, કરજુવેલી, દેહરી અને લવકર ગામ તેમજ ધરમપુરના દાડવળ અને તામછડી ગામમાંથી આવેદનપત્ર અપાયા હતા. ધરમપુર તાલુકામાં અત્યાર સુધી કુલ અગિયારથી વધુ ગામમાંથી આવી રજૂઆતો થઈ ચૂકી છે, જેમાં ખ્રિસ્તીઓની વધતી જતી કથિત વટાળ પ્રવૃત્તિઓ સામે આદિવાસી વિસ્તારોમાં રોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. ધરમપુર મામલતદારને આદિવાસી સંસ્કૃતિ બચાવ સેનાની આગેવાની હેઠળ કરવામાં આવેલી રજૂઆતમાં જણાવાયું છે કે, આદિવાસી સમાજ સદીઓથી પોતાની પરંપરાગત સંસ્કૃતિ, રીત-રિવાજો અને કુદરત તથા પિતૃપૂજાની માન્યતાઓ સાથે જીવતો આવ્યો છે, જેને બંધારણમાં કાયદાકીય રક્ષણ પ્રાપ્ત છે. સંગઠન દ્વારા સ્પષ્ટ માંગણી કરવામાં આવી છે કે નાતાલના કોઈપણ કાર્યક્રમ માટે મંજૂરી માત્ર તે જ વ્યક્તિઓને આપવામાં આવે જેઓ સરકારી ચોપડે કાયદેસર રીતે ખ્રિસ્તી તરીકે નોંધાયેલા હોય. બિન-નોંધાયેલ વ્યક્તિઓ અથવા સંસ્થાઓને કોઈપણ પ્રકારની પરવાનગી ન આપવામાં આવે અને મંજૂરી વિના કાર્યક્રમ યોજાય તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. આદિવાસી સંસ્કૃતિ બચાવ સેનાએ તંત્રને અપીલ કરી છે કે આદિવાસી વિસ્તારોમાં શાંતિ, સુલેહ અને સાંસ્કૃતિક ઓળખ જળવાઈ રહે તે માટે તાત્કાલિક અને અસરકારક પગલાં લેવામાં આવે.

નવસારીમાં મહિલાઓનો વિડીયો બનાવનારો જેલભેગો

મહિલાઓએ ભારે હોબાળા સાથે શખ્સના ઘરે પહોંચી વિડીયો ડિલીટ કરવા કહ્યું, નહીં માન્યો તો પોલીસને હવાલે કરી દીધો

નવસારી: નવસારીમાં મહિલાઓના ખાનગી અને અનાધિકૃત વિડીયો બનાવવાના પ્રયાસનો ગંભીર બનાવ સામે આવતા તણાવનો માહોલ સર્જાયો હતો. કહારવાડનો શખ્સ મહિલાઓના મોબાઈલ ફોનથી વિડીયો બનાવી રહ્યો હતો. મહિલાઓએ વિરોધ કરી આવી હરકત બંધ કરવા કહ્યું હતું. જો કે, શખ્સે વિરોધને અવગણીને વિડીયો બનાવવાનું ચાલુ રાખ્યું હતું. પરિણામે મહોલ્લાની અનેક મહિલાઓ એકત્ર થઈ શખ્સ સામે કડક વિરોધ નોંધાવ્યો હતો. વિફરેલી મહિલાઓ શખ્સના ઘરે પહોંચી હોબાળો મચાવ્યો હતો. મહિલાઓએ સ્પષ્ટ શબ્દોમાં શખ્સને તેના મોબાઈલમાં સંગ્રહિત તમામ વિડીયો ડિલીટ કરવાની માંગ કરી હતી. તેમ છતાં, શખ્સે વિડીયો ડિલીટ કરવાનો ઈનકાર કરતાં પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી. આખરે મહિલાઓએ હિંમત દાખવી શખ્સને પકડી સ્થાનિક પોલીસને સોંપ્યો હતો. સમગ્ર ઘટનાના દૃશ્યો અને હોબાળાના વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા, જેના કારણે મામલો શહેરભરમાં ચર્ચાનો વિષય બન્યો છે. હાલ પોલીસ દ્વારા શખ્સની પૂછપરછ કરવામાં આવી રહી છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

"સ્વચ્છતા મારી ફરજ, સ્વચ્છતા મારો અધિકાર"

ગ્રામ પંચાયત વાડ

તા. ખેરગામ, જી. નવસારી. (ગુજરાત)

આઝાદીકા અમૃત મહોત્સવ

તા. ૨૨/૧૨/૨૦૨૫

જાહેર હરાજી

આથી લાગતા વળગતા તમામ જાહેર જનતાને જણાવવાનું કે મોજે. વાડ, તા. ખેરગામ ગામે બ્લોક નં. ૧૩૦૮, ૪૭૪, ૮૯૪, ૧૧૩૩ માં નડતરરૂપ બાવળનાં ઝાડની હરાજી કરવાની થતી હોય ગ્રા.પં. વાડ ગામે તા. ૧૯/૨૦/૨૦૨૫ને શુક્રવારના રોજ જાહેર હરાજી રાખવામાં આવેલ છે. હરાજીની શરતો હરાજીનાં સ્થળ અને સમયે વાંચી સંભળાવવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.